| | | | |
|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ : | ૨૭/૦૨/૨૦૨૬ | | |
| નોંધ્યા તારીખ : | ૨૭/૦૨/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ : | ૦૬/૦૩/૨૦૨૬ | | |
| સમય : | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**નડીયાદના મહેરબાન સેકન્ડ એડીશનલ સેશન્સ જજ અને સ્પે.પોકસો જજ સાહેબશ્રીની અદાલતમાં, મુકામ– નડીયાદ.**

ફોજદારી પરચુ. અરજી નં. ૨૫૦/૨૦૨૬
આંક :

**અરજદાર :–** **વિકાસભાઈ રાજુભાઈ રબારી**
ઉ.વ. ૨૨, ધંધો–નોકરી,
રહે.રામતલાવડી, મીશન રોડ,
મુ. તા. નડીઆદ, જી. ખેડા.
(હાલ બિલોદરા જેલ, નડીઆદ)

**– વિરૂધ્ધ –**

**સામાવાળા :–** **ગુજરાત રાજ્ય સરકારશ્રી,**

**બાબત : ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ –૪૮૩ મુજબની જામીન અરજી. (ક્રિ.પ્રો.કો.ક. ૪૩૯ મુજબ)**

............................................................................

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એમ.એસ. રબારી
સરકાર તરફે વિધ્વાન પી.પી. શ્રી ડી.આર. બારોટ

............................................................................

**-:: હુકમ ::-**

(૧) આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ નડીઆદ પશ્ચિમ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુન્હા રજીસ્ટર નંબર:૧૧૨૦૪૦૪૭૨૫૦૪૮૬/૨૦૨૫ થી બી.એન.એસ. ની કલમ ૭૫, ૭૮(૨) તથા પોકસો એકટની કલમ ૧૨ મુજબના ગુન્હાના કામે તેઓની અટક થયેલ હોય અને ત્યારથી હાલના અરજદાર/ આરોપી જયુડી.કસ્ટડીમાં હોય,ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે જામીન મુકત થવા માટે હાલની અરજી અત્રેની અદાલત સમક્ષ દાખલ કરેલ છે.

(૨) આ કામના અરજદાર/આરોપીની હાલની જામીન અરજી અન્વયે ફરિયાદપક્ષને નોટિસ કાઢતાં, ફરીયાદપક્ષ તરફે વિધ્વાન પી.પી.શ્રી હાજર થયેલા છે. આ કામે તપાસ કરનાર અમલદારશ્રીએ જામીન અરજી વિરૂધ્ધનું સોગંદનામુ રજૂ કરેલ છે, તે વંચાણે લીધેલ છે.

(૩) આ કામના અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી નાઓએ તેઓની રજુઆતમાં ભારપૂર્વક જણાવેલ છે કે, અરજદાર તદૃન નિર્દોષ છે અને તેઓએ કોઈ ગુન્હો કરેલ નથી. સદર કહેવાતો બનાવ તા. ૧૫/૧ ૨/૨૦૨૫ થી તા. ૨૩/૧૨/૨૦૨૫ ના રોજનો છે જયારે ગુનાની નોંધ તા. ૨૫/૧૨/૨૦૨૫ ના રોજ થયેલ છે. જેથી સદર ગુનાની ફરીયાદ બે દિવસ મોડી ગોઠવીને આપેલ છે. ફરીયાદીની સમગ્ર ફરીયાદ જોતા અરજદાર/આરોપી વિરૂધ્ધ આક્ષેપીત ગુન્હાનો કોઈ પ્રથમદર્શનીય કેસ ફલિત થતો નથી. ભોગ બનનાર અને અરજદારને પ્રેમ સંબંધ હતો. અરજદારે ભોગ બનનાર સાથે કોઈપણ જાતની શારીરીક છેડતી કરેલ હોય કે ભોગ બનનારનો

કોઈ પીછો કરેલ હોય તેવુ બનેલ નથી. અરજદાર/આરોપી ગુનાહીત ઈતિહાસ ધરાવતા નથી. સદર કામે થયેલ ફરીયાદના આક્ષેપો જોતા અરજદાર વિરૂધ્ધ ત્રણ વર્ષ સુધીની સજાની જોગવાઈ છે. ત.ક.અમલદારે સદર ગુનાની તપાસ પૂર્ણ કરી નામ. પોકસો કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે જેનો પોકસો કેસ નં. ૧૭/૨૦૨૬ પડેલ છે. જેથી હવે વધુ તપાસના કામે અરજદારની જરૂરીયાત રહેતી ના હોય તેમજ સાક્ષી પુરાવા સાથે ચેડા થવાનો કોઈ સંભવ રહેલ ના હોય, જેથી પણ અરજદાર/આરોપીને જામીન મુકત કરવા અરજ કરેલ છે. અરજદાર / આરોપી ૨૨ વર્ષની નાની ઉંમરના અપરણીત વ્યકિત છે. કુટુંબની તમામ જવાબદારીઓ તેઓના શીરે છે, અરજદાર નડીઆદના સ્થાનિક રહેવાસી છે, કયાંય નાસી ભાગી જાય તેમ નથી. ટ્રાયલ ચાલતા લાંબો સમય જાય તેમ હોય, જેથી તેઓને જો જામીન પર મુકત કરવામાં ના આવે તો તેઓને ખોટી રીતે લાંબો સમય જેલમાં રહેવું પડે તેમ હોય, આ સંજોગોમાં અરજદાર/ આરોપીને યોગ્ય શરતોને આધિન જામીન મુકત કરવા રજુઆતો કરેલી છે. અરજદારના વિ.વ.શ્રીએ નામ. સર્વોચ્ચ અદાલતના સંજયચંદ્રા વિ. સી.બી.આઈ., સને ૨૦૧૨ ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ઉપર આધાર રાખેલ છે.

(૪) ઉપરોકત હકીકતો સામે સામાવાળા શ્રી સરકાર તરફે વિધ્વાન પી.પી.શ્રી ડી.આર. બારોટ સાથે ફરીયાદી હાજર થયેલ છે. વિ. પી.પી.શ્રીએ અરજદાર/આરોપીની અરજીનો સખત વિરોધ કરતાં ભારપૂર્વક જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપીએ ફરીયાદીની સગીર વયની દિકરી ઉ.વ.૧૬ વર્ષ ૮ માસ નાની સ્કુલેથી બપોરના ઘરે પરત જતી આવતી હોય તે સમય દરમ્યાન સગીરાનો પીછો કરી સગીરાની પાછળ પાછળ આવી

હેરાન કરી, પોતાની સાથે વાત કરવાનું જણાવી, તેણીનો હાથ પકડી લગ્ન કરવાની વાત કરી, પોતાની પાસેના મોબાઈલ થી ઈન્સ્ટાગ્રામ ઉપર વાત કરી મેસેજ કરી તેમજ ઈન્સ્ટાગ્રામના ફોટા વાયરલ કરવાનુ જણાવી સગીરાને હેરાન કરી ગુન્હો કર્યાની ફરીયાદ છે. અરજદાર/આરોપી ભોગ બનનાર સગીર વયની હોવાનું જાણતા હોવા છતાં તેણી સ્કુલથી આવતી જતી હોય તે સમયે પાછળ પાછળ આવી હેરાન કરી, તેણીનો હાથ પકડી ગુન્હો આચરેલ છે. ચાર્જશીટ બાદ કોઈ સંજોગો બદલાયેલ નથી. જેથી અરજદાર / આરોપીને જામીન મુકત કરવામાં આવે તો સાક્ષી પુરાવા સાથે ચેડા થાય તેમ હોય જે તમામ હકીકતો ધ્યાને લઈ અરજદાર/આરોપીની હાલની અરજી રદ્દ કરવા માંગણી કરેલ છે.

(૫) અરજદાર/આરોપીની જામીન અરજી અનુસંધાને પક્ષકારોના વકીલોની દલીલો સાંભળી તેમજ અરજી સાથે સામેલ રાખેલ દસ્તાવેજો, કેસ પેપર્સ તેમજ તપાસ કરનાર અમલદારનું એફીડેવીટ વંચાણે લીધી. આ કામે ફરીયાદ હકીકત ધ્યાને લેતા આ કામના અરજદાર/આરોપીએ ફરીયાદીની સગીર વયની દિકરી ઉ.વ.૧૬ વર્ષ ૮ માસ નાની સ્કુલેથી બપોરના ઘરે પરત જતી આવતી હોય તે સમય દરમ્યાન સગીરાનો પીછો કરી સગીરાની પાછળ પાછળ આવી હેરાન કરી, પોતાની સાથે વાત કરવાનું જણાવી, તેણીનો હાથ પકડી લગ્ન કરવાની વાત કરી, પોતાની પાસેના મોબાઈલ થી ઈન્સ્ટાગ્રામ ઉપર વાત કરી મેસેજ કરી તેમજ ઈન્સ્ટાગ્રામના ફોટા વાયરલ કરવાનુ જણાવી સગીરાને હેરાન કરી ગુન્હો કર્યાની ફરીયાદ છે. સદર કામે વિ.પી.પી.શ્રીએ રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી ભોગ બનનાર સગીર વયની હોવાનું જાણતા હોવા છતાં તેણી સ્કુલથી આવતી જતી હોય તે સમયે પાછળ પાછળ આવી હેરાન કરી, તેણીનો હાથ પકડી ગુન્હો

આચરેલ હોય જેથી અરજદારની જામીન અરજી રદ્દ કરવા અરજ કરેલ છે. અરજદાર/આરોપીના વિ.વ.શ્રીની રજુઆત કરેલ છે કે, ભોગ બનનાર અને અરજદારને પ્રેમ સંબંધ હતો. ત.ક.અમલદારે સદર ગુનાની તપાસ પૂર્ણ કરી નામ. પોકસો કોર્ટમાં ચાર્જશીટ દાખલ થઈ ગયેલ છે જેનો પોકસો કેસ નં . ૧૭/૨૦૨૬ પડેલ છે. અરજદાર/આરોપી તા.૦૭/૦૧/૨૦૨૬ થી કસ્ટડીમાં છે, અરજદાર/ આરોપી ૨૨ વર્ષની નાની ઉંમરના છે, અરજદાર/આરોપી ગુનાહીત ઈતિહાસ ધરાવતા નથી, નડીઆદના સ્થાનિક રહેવાસી છે. આમ, ઉપરોકત તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લેતા સદર કેસની ટ્રાયલ ચાલતા લાંબો સમય લાગે તેમ હોય, કયાંય નાસી ભાગી જાય તેમ નથી, અરજદાર/આરોપી નાની ઉંમરના છે. ગુનાહિત ઈતિહાસ નથી, ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચીત થઈ શકે તેમ છે. જેથી અરજદાર / આરોપીની તરફેણમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ (ક્રિ .પ્રો. કો. કલમ ૪૩૯)અન્વયેની વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવો યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાય આવતો હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

**૧.** આ કામના અરજદાર /આરોપી **વિકાસભાઈ રાજુભાઈ રબારી**નાઓન નડીઆદ પશ્ચિમ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુન્હા રજીસ્ટર નંબર:૧૧૨૦૪૦૪૭૨૫૦૪૮૬/૨૦૨૫ મુજબના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટેની સદર ફોજદારી પરચુરણ અરજી નં.**૨૫૦/૨૦૨૬** આથી **મંજુર** કરવામાં આવે છે.

**૨.** અરજદાર/આરોપીએ રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપીયા દસ હજાર પુરા) નાં સધ્ધર જામીન તેમજ તેટલી જ રકમના જાતમુચરકા આપ્યેથી ઉપરોકત ગુન્હામાં નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં

આવે છે.

**શરતો :–**

**એ.** અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના સાહેદોને ધાક ધમકી આપવી નહી.

**બી.** અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા, કરાવવા નહી.

**સી.** અરજદાર/આરોપીએ પોલીસ તપાસના કામે સહકાર આપવો.

**ડી.** અરજદાર/આરોપીએ કોર્ટની પરવાનગી વગર ગુજરાત રાજયની હદ્દ છોડવી નહી.

**ઈ.** અરજદાર/આરોપીએ ૬–મહીના સુધી કોર્ટની પૂર્વ પરવાનગી વગર નડીઆદમાં પ્રવેશ કરવો નહીં. (અરજદાર/આરોપી ફકત સંબંધિત પો.સ્ટે.માં હાજરી પુરાવવા આવી શકશે.)

**એફ.** અરજદાર/આરોપી પાસે પાસપોર્ટ હોય તો સંબંધિત કોર્ટમાં એક અઠવાડીયામાં જમા કરાવવો અને જો ના હોય તો તે અંગેનું સોગંદનામુ કરવુ.

**જી.** અરજદાર/આરોપીએ પોતાનું રહેણાકનું સરનામુ તપાસ કરનાર અમલદાર તથા કોર્ટને પુરુ પાડવુ અને કોર્ટની પરવાનગી સિવાય તેમાં ફેરફાર કરવો નહી.

**એચ.** અરજદાર / આરોપીએ સદર ગુન્હાની ટ્રાયલ પૂર્ણ થતા સુધી અંગ્રેજી મહીનાના ૧લી તારીખે સંબંધિત પો.સ્ટે.માં સવારે ૧૦/૦૦ થી ૧૩ /૦૦ દરમ્યાન હાજરી પુરાવવી.

આ અરજીમાં જે કારણો આપેલા છે તે પ્રાથમિક કારણો હોય કેસના ગુણદોષને અસર કરતા રહેશે નહીં.

**૩.** અરજદાર/ આરોપીએ જામીન અત્રેની અદાલતમાં આપવા.

**૪.** આ હુકમની જાણ સંબંધિત પો.સ્ટે તથા જીલ્લા જેલરશ્રીને કરવી.

આ હુકમ આજરોજ તારીખ: **૬ઠ્ઠી** માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ મારી સહીં કરી ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

નડીયાદ.
તા. ૦૬/૦૩/૨૦૨૬

**(પિન્કી મરૂતકુમાર ત્રિવેદી)**
સેકન્ડ એડીશનલ સેશન્સ જજ અને
સ્પે. પોકસો જજ, ખેડા–એટ–નડીયાદ.
(જ્યુડી. કોડ નં. જીજે.૦૧૬૦૦)

(/મિશ્રા)